ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*દિ'ઉગે ને આવી રોજ તોડફોડ કરી જાય છે!*
*વાદ-વિવાદ-ચર્ચા-લમણા ફોડ કરી જાય છે!*
*'જડબાતોડ'ની લબાડીથી દીધા બધા પૂરાવા -*
*ખોડી ભડભડ પછી તડજોડ થઈ જાય છે!*

હાઈકુ

*બેઠા મિટીંગે*
*મિંયાની મિંદડી થૈ*
*શ્રી રાજનાથ!*
*(સાર્ક પરિષદ)*

*'શહીદો' નહીં -*
*હવે પૂરાવાની જ*
*ખાંભી બનાવો!!*
*(ખોટી જીભાજોડ)*

### ચિંતન

**નષ્ટે મૂલે ફલં ન પુષ્પમ્ ।**

જ્યાં રોપાનાં-વૃક્ષનાં મૂળ જ નાશ પામ્યાં છે, ત્યાં ફૂલ પણ ન હોય અને ફળ તો હોય જ નહિં.

માણસ જાતજાતના ભય, વહેમ વગેરેથી પીડા પામે છે. એ ભય એના મનમાં ભિન્ન ભિન્ન સંકલ્પ-વિકલ્પ ખડા કરે છે. પરિણામે એનાં દુ:ખોમાં ખૂબ વધારો થતો રહે છે.

એના મનમાં અનેક દુવૃત્તિઓ એને જંપવા દેતી નથી, એ વૃત્તિઓ દૂર કરવા માટે જો એ પ્રામાણિક પ્રયત્નો કરે તો કર્મશ: એના વહેવો એની શંકા એ મનની તાણ ઓછાં થતાં જાય છે.

આ સૂત્રમાં કહેવાયું છે કે આ બધાંનાં મૂળમાં જ કુઠરાઘાત કરવો જોઈએ. પાયામાંથી આ વૃત્તિઓને જો આપણે દૂર કરીએ તો પછી ફૂલેફૂલે શી રીતે ? મૂળીયાં જ જયાં નાશ પામે ત્યાં અંકુર ફૂટવાની વાત જ ન રહે. પછી ફૂલેફળે કયાંથી?

અંગ્રેજી, શિક્ષણ પદ્ધતિ અને રહેણીકરણીનું આંધળુ અનુકરણ, ખાવા-'પીવા'ની વિદેશી ટેવો - એ આપણા પ્રાચીન સંસ્કારોનો મૂળમાં 'ઘા' છે. જેને કારણે આપણા સંસ્કારી જીવનના વૃક્ષનો મૂળમાંથી નાશ થઈ રહ્યો છે. સમાજે જાગૃત થઈ ચેતવાની જરુર છે.

### સુવિચાર

- સ્ત્રી 'ના' કહે તેમાં પુરુષ 'હા' શોધે છે અને
  પુરુષ 'હા' કહે તેમાં સ્ત્રી 'ના' શોધે છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- મેં મને ખૂબ ઘૂંટ્યો છે ને મને આવડી ગયો છે 'હું' - **કરસનદાસ માણેક**
- પથ્થર મંદિરમાં આવીને ભગવાન બની જાય છે અને
  માનવી મંદિરમાંથી બહાર નીકળીને પથ્થર બની જાય છે - **શ્રી ભાણદેવ**
- બીજાઓને નુકશાન પહોંચાડવા કરતાં પોતે પીડા ભોગવી લેવી સારી - **હરિભાઈ કોઠારી**
- 'મોક્ષ' એટલે આપણા વળગણોથી મુક્તિ - **અખંડ આનંદ**
- માણસ જયારે બહારની ટાપટીપથી પ્રગટ થવા મથે છે ત્યારે માત્ર એટલું જ પ્રગટ થતું હોય છે કે એ અંદરથી કેવો ખાલીખમ છે - **જે. કૃષ્ણમૂર્તિ**
- આજનું ઔષધ : બાળકને કરમિયા થયા હોય તો કાચા ગાજર ખાવાથી કરમ મટી જાય છે

**(દીપક વી. આસરા)**

### બોધકથા

તપ-સાધના વિના સિદ્ધિ મળતી નથી. વિદ્યાર્થીઓ સતત અભ્યાસ-ઉજાગરા કરી પદવી પ્રાપ્ત કરે પછી જ ડૉકટર-ઈજનેર-પદ પ્રાપ્તિ મળે છે.

એક જ્ઞાની સંત વ્યાખ્યાન કરતા હતા. લોકો ખૂબ એકત્ર થતા. એક કથાકારને મનમાં ઈર્ષા થતી - હું પણ આ બધું જાણું જ છું છતાં લોકો મારી કથામાં કેમ નહીં આવતા હોય? આ ગડમથલ - દ્વેષભાવ - તેના ચહેરા પર હતા - સ્વામીજીએ એ ભાવ પકડી લીધા...

વ્યાખ્યાન પુરું થયું - મહાત્માએ - પેલા કથાકારને બોલાવી કહ્યું - જૂઓ આ 'અખંડ દીવો' છે એના નીચે તળિયે પાણી છે અને ઉપર પોણા ભાગમાં તેલ છે. પાણીને પ્રશ્ન થયો - તેલ મારા ઉપર કેમ બિરાજે છે? તેલે જવાબ દીધો - હું બીજમાંથી તેલ સુધી પહોંચતાં અનેક કઠિન પ્રક્રિયામાંથી પસાર થયું - આજે તેલ બનીને પણ - જાતે બળી - પ્રકાશ ફેલાવવાનું કામ કરું છું.

'જે કોઈ કઠિન તપ કરી સિદ્ધિ પ્રાપ્ત કરે અને એ સિદ્ધિઓનો જનસમૂહ માટે સદ્પયોગ કરે એનું સ્થાન સદાય ઊંચું જ રહે છે.' કથાકારને ગડમથલનો જવાબ મળી ગયો.

# અલવિદા આનંદીબેન!

ગુજરાતના ઈતિહાસમાં કોઈ ઝાંસીની રાણી, રઝિયા સુલતાના, ચેન્નમ્મા, કે ચાંદબીબી પાકી નથી. આનંદીબેન પટેલ આઝાદ હિંદુસ્તાનનાં પહેલાં મહિલા મુખ્યમંત્રી પણ નહોતાં. પરંતુ પુરુષપ્રધાન સમાજમાં ગુજરાતનાં પ્રથમ અને વિશિષ્ટ મહિલા મુખ્યમંત્રી તરીકેનો વિક્રમ તો એમના જ નામે નોંધાયેલો રહેશે. દેશનાં પ્રથમ મહિલા વડાપ્રધાન ઈંદિરા ગાંધીમાં અપ્રતિમ આત્મબળ હતું, વળી તેઓ એક વાર સત્તા પરથી ફેંકાઈ ગયા પછી પણ વટપૂર્વક કમબૅક કરી શક્યાં હતાં. આવું જ દેશનાં મહિલા મુખ્યમંત્રીઓ વિશે પણ કહી શકાય એમ છે. જયલલિતા જયરામ તામિલનાડુનાં સર્વાધિક લોકપ્રિય નેતા છે. વારંવાર મુખ્યમંત્રી પદ સંભાળતાં રહ્યાં છે. એમની પાસે અનેક પ્રકારના આક્ષેપો થતાં રહ્યાં છે. સીબીઆઈની તપાસ પણ થઈ છે અને કોર્ટનાં ચક્કર ખાવા ઉપરાંત જેસવાલ પણ ભોગવવો પડ્યો છે. પરંતુ એથી એમની લોકપ્રિયતામાં ઓટ આવી નથી. મમતા બેનરજીની સ્વચ્છ છબી પર પણ શારદા કૌભાંડના છાંટા ઊડ્યા છે, છતાં પશ્ચિમ બંગાળની પ્રજાએ એમને ઉમળકાભેર ફરી પાછાં સ્વીકારી લીધાં છે. વસુંધરા રાજેની લોકપ્રિયતાને લીધે પાર્ટીએ એમનો જ ચહેરો આગળ ધરીને રાજસ્થાનમાં ચૂંટણી લડવી પડે છે. માયાવતી વારંવાર ઉત્તરપ્રદેશની ગાદી કબજે કરતાં રહ્યાં છે. આનંદીબેન એ બધાંની સરખામણીએ ભલે ઊણાં ઊતરતાં લાગે, પરંતુ એક ખેડૂતપુત્રી અને શિક્ષકની દીકરી તરીકે એમણે સામાન્ય શિક્ષિકાથી શરૂ થયેલી કારકિર્દીને ગુજરાતના મુખ્યમંત્રીપદ સુધી પહોંચાડી તે કોઈ જેવી તેવી ઘટના નથી. અલબત્ત, એમાં એમને નરેન્દ્ર મોદી જેવા પ્રખર રાજપુરુષનાં સૌથી વધુ વિશ્વાસુ સાથી હોવાનો લાભ જરુર મળ્યો હતો. નહીંતર નીતિન પટેલ નરેન્દ્ર મોદીના મંત્રીમંડળમાં પણ 'નંબર ટુ' જ હતા! આનંદીબેને એમની ટૂંકી કારકિર્દી દરમિયાન ઘણી યાદગાર કામગીરી બજાવી છે. નાદુરસ્ત તબિયત છતાંએ હંમેશાં સક્રિય રહ્યાં છે. ગુજરાતના ખૂણે ખૂણે પહોંચી જઈ 'ગતિશીલ ગુજરાત' નું એમનું મૌલિક સૂત્ર સાર્થક કરવાનો પ્રામાણિક 'પુરુષાર્થ' કરનારાં આનંદીબેને ગુજરાતી મહિલામાં પડેલી અંતર્નિહિત ક્ષમતાનો પરચો બતાવ્યો છે, એમાં તો એમના વિરોધીઓ પણ સંમત થશે. પોતે ઉંમરના તકાજાને ધ્યાને રાખી સત્તા

**તંત્રીસ્થાનેથી...**

છોડી રહ્યાં છે, એવું એમનું વિધાન ભલે ઔપચારિક લાગે પણ એ વિધાન કરીને એમને પાર્ટી માટે એક આચારસંહિતા પણ કંડારી આપી છે. એથી હવે પાર્ટીના વરિષ્ઠ નેતાઓ માટે પણ નિવૃત્તિનો સંકેત મળી ગયો જણાશે. નરેન્દ્ર મોદી જેવા ઝુઝારુ નેતાના પેંગડામાં પગ ઘાલવાની તક મળી, એને એમણે પોતાની તમામ તાકાત લગાવીને સાર્થક કરવા પ્રયાસ કર્યો, તેનો જ મહિમા કરીએ. પાટીદાર અને દલિત સમાજનાં આંદોલનો માટે આનંદીબેનને જવાબદાર ગણી શકાય નહિ. છતાં આ બેઉ આંદોલનો એમની વિદાયનું નિમિત્ત જરુર બન્યાં છે. આખરે કોઈનું રાજ 'યાવચ્ચંદ્ર દિવાકરૌ' - ચાલ્યું નથી કે ચાલવાનું નથી. પોતાને જેટલો સમય મળ્યો તેનો એમણે પ્રજાલક્ષી કાર્યો અને સવિશેષ કન્યાશિક્ષણ, 'બેટી બચાવો' તથા ઘેર ઘેર શૌચાલય જેવા રચનાત્મક કાર્યક્રમો પાછળ વિનિયોગ કર્યો છે, તેની પ્રજા તરીકે પણ આપણે નોંધ લેવી જ રહી. અલવિદા આનંદીબેન! ગાદી છોડતાં તમે ગુજરાત નહીં છોડવાની વાત કરી એ મુદ્દે પણ સલામ!

# મરચું હાનિકારક છે?

કોઈ પણ ડોક્ટરને જયારે બતાવા જાવ ત્યારે ડોક્ટર પહેલા દર્દીની તપાસ કરે છે. પહેલા એની જીભ તપાસે છે. પછી ટેબલ ઉપર સૂઈ જવાનું કહે છે. બેટરી વડે આંખો તપાસે છે. જીભ બહાર કઢાવી બેટરી થી ગળુ તપાસે છે.

સ્ટેથોસ્કોપ મૂકી હૃદયના ધબકારા જૂવે છે. પછી પોતાની આંગળી વડે પેટની તપાસ કરે છે. પેટમાં કોઈ જગ્યાએ લીવર, સ્પ્લીનમાં સોજો છે, એની સાઈઝ બરાબર છે કે નહિ એ તપાસ કરે છે. પેટમાં હાથ મૂકી આંતરડા બરાબર છે. કોઈ જગ્યાએ ભારેપણુ છે કે કેમ તેની તપાસ કરે છે. બંને પગમાં સેન્સીટીવીટી બરાબર છે કે નહિ તે પણ તપાસે છે. દર્દીને ઉંધા સુવાડીને ફરી છાતીના પાછળના ભાગમાં સ્ટેથોસ્કોપ મૂકી ફેફસામાં પાણી ભરાયું છે કે નથી એ જુવે છે. પછી દર્દીને સીધા કરી હૃદયના ધબકારા માપે છે. હાથમાંથી નાડીના ધબકારા બરાબર છે કે નહિ તે તપાસે છે. આ બધું બરાબર હોય તો





પછી ડોક્ટર દર્દીને પૂછે છે, બોલો હવે શું થાય છે તે કહો. એટલે કે તમને તકલીફ શું છે તે જણાવો? દર્દી તેની થતી તકલીફો ડોક્ટરને જણાવે છે. ડોક્ટર બધાનું અવલોકન કરી એક ચોક્કસ નિદાન પર પહોંચે છે. યોગ્ય દવા લખે છે અને લેબોરેટરી અને એક્સ-રે માં જવાનું કહી લોહી તપાસ અને એક્સ-રે - સોનોગ્રાફીની તપાસ કરવાનું કહે છે . છેલ્લો દર્દી નો પ્રશ્ન હોય છે કે સાહેબ શું ના ખવાય? અને ડોક્ટર મશીન ની જેમ જવાબ આપે છે. તીખું તળેલુ, બહારના પીણા, આઈસ્ક્રીમ- ચોકલેટ અને ખાંડ બંધ કરી દો. નિયમિત જમો. અને નિયમિત રાત્રે સુઈ સવારે વહેલા ઉઠો. દર્દી કાયમ મુજબ ડોક્ટરને પૂછે છે ખટાશ ખવાય. ડોક્ટર કહે ના. દર્દી ફરી પ્રશ્ન પૂછે છે. કઈ ખટાશ ના ખવાય. લીંબુની, આમલીની. ડોક્ટર કાયમ ની જેમ જવાબ આપે છે કે આમલીની ખટાશ ના ખવાય. લીંબુ ચાલશે. દર્દી ફરી પૂછે છે કે કાચી કેરી ખવાય. ડોક્ટર જવાબ આપે કેરીની ખતાશ ના ખવાય. સવાલ એ થાય કે આમલીની ખટાશ કેમ ના ખવાય? એવું એક રીપોર્ટ છે કે સાઉથમાં વાના દર્દીઓ ખૂબ ઓછા જોવા મળે છે. કેમ? રીપોર્ટ જણાવે છે કે સાઉથમા દાળનાં સાંભારમાં આમલી વધારે નાખવામાં આવે છે અને આમલીની ખટાશ વાંના દર્દીને જે યુરિક એસીડ વધારે પ્રમાણમાં જમા થતો હોય છે તેને મારે છે એટલે કે ન્યુટ્રોલાઈઝ કરે છે. તેથી સાઉથમાં વા ના દર્દી ઓછા જોવા મળે છે. વાને સાયઈનટીક ભાષામાં Rheumatoid Arthritis કહેવામાં આવે છે. ડોક્ટરને બીજો પ્રશ્ન તીખુંના ખવાય સાહેબ એ હોય છે. ડોક્ટર તરત જ કહી દે છે જરા પણ નહિ.

ઘણા ડોકટરો તો જે દવાનું કાગળ જેવા દવા લખેલી હોય તેમાં લખી દે છે. બીડી-સિગારેટ, તીખું - તળેલુ બંધ. અત્યાર સુધી અમે પણ એવું માણતા કે તીખું - તળેલુ ખાવું બંધ કારણ કે તે ખરાબ છે . બીડી- સિગારેટ, તમાકુ, તળેલુ ખરાબ છે પણ મરચાની બાબતમાં બધાની ખોટી ગેરસમજ છે. વૈજ્ઞાનિકોનું કહેવું એવું થાય છે કે મરચા લીલા હોય કે લાલ હોય કે પછી મરચાનો લાલ પાવડર હોય. જેનાથી કોઈ આડ અસર થતી નથી. એનાથી વધારે મરચા કેન્સરના કોષ ઉપર સીધી અસર કરે છે અને કેન્સર અટકાવવામાં મદદ કરે છે.

સવાલ એ થાય આખું ગામ કહે છે કે મરચા હાનિકારક છે. અને તમે કહો છો કે મરચા શરીર માટે સારા છે ? ભાઈ આતો સાબિત કરવું પડે હો! તો ૧૦૦ ગ્રામ લાલ મરચાનો પાવડર લો અને એનું એનાલીસીસ કરો. તો તેમાં શું મળે છે? તો ચોકાવનારી વિગત જાણવા મળે ન. જેમકે, જેમા કેલરી ૪૦ મળે છે. વોટર ૮૮% મળે છે. પ્રોટીન ૧.૯ ગ્રામ મળે છે. કાર્બોહાઈડ્રેટ ૮.૮ ગ્રામ મળે છે. સુગર ૫.૩ ગ્રામ મળે છે. ફાઈબર ૧.૫ ગ્રામ મળે છે. ફેટ ૦.૪ ગ્રામ મળે છે. ઓક્સીઝન સેઝ ૦.૦૪ ગ્રામ મળે છે. જેમાં મોનો સેઝ ૦.૦૨ ગ્રામ મળે છે. અને પોલી સેઝ ૦.૨૪ ગ્રામ મળે છે. ઓમેગા ૩ ૦.૦૧ ગ્રામ અને ઓમેગા ૬ ૦.૨૩ ગ્રામ મળે છે. એ સિવાય મરચામાં વિટામીન અને મિનરલ પણ મળે છે જેવા કે વીટામીન સી જે પાવરફુલ એન્ટી ઓક્સીડેન્ત મળે છે જે ઘાને રૂઝ લાવવામાં મદદ કરે છે અને રોગ પ્રતિકારક શક્તિ વધારે છે. અને વિટામીન-બી ૬ એનર્જી મેટાબોલીઝમમાં મદદ કરે છે. વિટામીન-કે ૧ જે લોહી જમવામાં અને હાડકા તેમજ કીડની માટે જરૂરી ઉપયોગી છે. પોટેસિયમનો શરીરના ઘણા અવયવોમાં ઉપયોગ થાય છે. જેનાથી હૃદય હુમલા ઘટે છે. કોપર જે હાડકા માટે અને શરીરની નસો માટે જરૂરી છે . વીટામીન-એ એ લાલ મરચામાં વધારે પ્રમાણમાં હોય છે. જેને કહેવાય Hi in beta - carotene. આ ઉપરાંત Capsanthin જેના હિસાબે મરચાનો કલર લાલ હોય છે જે પાવરફુલ એન્ટીઓક્સીડેન્ત છે જે કેન્સરની સામે લડે છે.



## તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

અનુસંધાન પાના નં. ૭ પર

# કાલિદાસના 'અભિજ્ઞાન શાકુન્તલ'ના ગુજરાતી અનુવાદક કોણ છે?



## ખજાનો

અનિલ પટેલ

### ગુજરાતી સાહિત્ય

(૧) ગુજરાતી સાહિત્યમાં પ્રથમ હાસ્ય નવલકથા આપનાર કોણ ?
(અ) રમણલાલ નીલકંઠ (બ) જયોતિન્દ્ર દવે
(ક) રાજેન્દ્ર શુક્લ (ડ) જયંતિ દલાલ

(૨) ગુજરાત વર્નાક્યુલર સોસાયટી દ્વારા પ્રકાશિત થતું ૧૫૦ વર્ષ જૂનું સામયિક કયું છે?
(અ) દાંડીયા (બ) કુમાર
(ક) સંસ્કૃતિ (ડ) બુદ્ધિપ્રકાશ

(૩) 'ખોબો ભરીને અમે એટલું હસ્યા કે કૂવો ભરીને અમે રોઈ પડ્યા' આ ગીતના લેખક કોણ છે ?
(અ) નલિન રાવળ (બ) હરિન્દ્ર દવે
(ક) જગદીશ જોષી (ડ) જયન્ત પાઠક

(૪) કાલિદાસના 'અભિજ્ઞાન શાકુન્તલ'ના ગુજરાતી અનુવાદક કોણ છે?
(અ) પન્નાલાલ પટેલ (બ) ચુનિલાલ મડિયા
(ક) ઝવેરચંદ મેઘાણી (ડ) શ્રી ઉમાશંકર જોષી

(૫) 'પેન્સિલની કબર અને મીણબત્તી' નાટકના લેખક કોણ?
(અ) રાજેન્દ્ર શાહ (બ) હરીન્દ્ર દવે
(ક) આદિલ મન્સુરી (ડ) વેણીભાઈ પુરોહિત

(૬) 'વહેતા સાથે સૌ કોઈ વહે' આ કહેવત કોણે રજૂ કરી?
(અ) ભોજો (બ) પ્રીતમ
(ક) અખો (ડ) દયારામ

(૭) રાજેન્દ્ર શુક્લના કાવ્ય સંગ્રહ 'ગઝલ સંહિતા'ને સાહિત્ય અકાદમીનો અવોર્ડ કયા વર્ષે મળ્યો?
(અ) ૨૦૦૫ (બ) ૨૦૦૬
(ક) ૨૦૦૭ (ડ) ૨૦૦૮

(૮) તત્ત્વજ્ઞાની કવિ અખાનું મૂળ વતન કયું માનવામાં આવે છે?
(અ) જોતપુર (બ) જેતલપુર
(ક) વડોદરા (ડ) ખંભાત

(૯) 'આગમન' અને 'નકશા' કોના ગઝલ કાવ્યસંગ્રહો છે?
(અ) આદિલ મન્સુરી (બ) મરીઝ
(ક) રમેશ પારેખ (ડ) રાજેન્દ્ર શુક્લ

(૧૦) પ્રસિદ્ધ એકાંકી 'ડીમ લાઈટ' ના લેખક કોણ છે?
(અ) ભોળાભાઈ પટેલ (બ) પીતાંબર પટેલ
(ક) રઘુવીર ચૌધરી (ડ) રમણભાઈ નીલકંઠ

(૧૧) નીચેનામાંથી કઈ નવલકથા જોસેફ મેકવાનની નથી?
(અ) આંગળીયાત (બ) લક્ષ્મણની અગ્નિ પરીક્ષા
(ક) મારી પરણેત્તર (ડ) બંધન અને મુક્તિ

(૧૨) 'છે ગરીબોના કૂબામાં તેલ ટીપુંય દોહ્યલું, ને શ્રીમંતોની કબર પર ઘી ના દીવા થાય છે?' ઉપરોક્ત કાવ્ય પંક્તિના સર્જક કોણ છે ?
(અ) બોટાદકર (બ) કરશનદાસ માણેક
(ક) મરીઝ (ડ) અખો

(૧૩) 'ધ્રુવ સ્વામિની દેવી' ઐતિહાસિક નાટકના રચયિતા કોણ છે?
(અ) ક.મા. મુનશી (બ) મનુભાઈ પંચોળી
(ક) પન્નાલાલ પટેલ (ડ) ચંદ્રકાન્ત બક્ષી

(૧૪) 'જીવરાટ ભટ્ટ' કયા નાટકનું ચિરંજીવ પાત્ર છે?
(અ) ભટ્ટનું ભોપાળું (બ) મિથ્યાભિમાન
(ક) ગુલાબ (ડ) લક્ષ્મી

(૧૫) રવિશંકર રાવલ અને બચુભાઈ રાવલે કયા સામાયિકને સમૃદ્ધ કર્યું?
(અ) નવજીવન (બ) યુગધર્મ
(ક) નવચેતન (ડ) કુમાર

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- **૫ ઓગસ્ટ ૧૮૫૫ : વિલિયમ હેનરી ડેવીસ :** ઈંગ્લીશ મેટરીયોલોજીસ્ટ, ડેનિશ પ્રેસર ટ્યુબ અને પવનની ગતિ માપવાનું એનીમોમીટર બનાવનાર
- **૫ ઓગસ્ટ ૧૯૪૩ : ટોવરબ્રીજ :** અમેરીકન ભૌતિકશાસ્ત્રી અને જાણીતા શિક્ષણશાસ્ત્રી
- **૬ ઓગસ્ટ ૧૮૩૮ : જયોર્જ જેમ્સ સિમોન્સ :** બ્રિટીશ મીટીરીઓલોજીસ્ટ, વરસાદના માપન માટેની પદ્ધતિ વિકસાવી, આંકકાકીય માહિતી એકઠી કરનાર વૈજ્ઞાનિક
- **૬ ઓગસ્ટ ૧૮૨૮ : એન્ડ્ર્યુ ટેઈલર સ્ટીલ :** અમેરીકન ફીઝીશિયન 'ઓસ્ટીઓપેથી'ના ફાઉન્ડર. તબીબક્ષેત્રે ખાસ ટેકનિકસ આપનાર
- **૭ ઓગસ્ટ ૧૮૫૨ : ફિલીપ ફોર્ચનીમેર :** ઓસ્ટ્રેલિયન હાઈડ્રોલિક એન્જીનીયર, ગ્રાઉન્ડ વોટર હાઈડ્રોલોજી પર સંશોધન કરનાર
- **૭ ઓગસ્ટ ૧૮૪૪ : અગસ્ટે મિચેલ - લેવી :** ફ્રેંચ જીઓલોજીસ્ટ અને મિનરોલોજીસ્ટ, માઈક્રોસ્કોપીક પેથોલોજીના પાયોનીયર
- **૮ ઓગસ્ટ ૧૯૦૧ : અર્નેસ્ટ ઓર્લેન્ડો લાવરસન :** અમેરીકન ભૌતિકશાસ્ત્રી, 'સાયકલોટ્રોન'ની શોધ બદલ ૧૯૩૯માં નોબેલ પારિતોષિક મળ્યું હતું
- **૮ ઓગસ્ટ ૧૮૮૧ : ફે-કૂપર કુલ :** અમેરીકન એન્થ્રોપોલોજીસ્ટ, મોર્ડન આર્ચીયોલોજીસ્ટના પ્રણેતા
- **૯ ઓગસ્ટ ૧૮૨૨ : જેકોલ મોલેસ્ટોક :** ડચ ફીઝીઓલોજીસ્ટ અને ફિલોસોફર
- **૯ ઓગસ્ટ ૧૮૪૪ : જોન્થન હેમર લેન :** અમેરીકન એસ્ટ્રોફીઝીસ્ટ. સૂર્ય ગેસનો ગોળો છે તેવું ગાણિતિક ગણતરી સાથે સમજાવનાર
- **૧૦ ઓગસ્ટ ૧૮૬૧ : સર એલમોન્થ રાઈટ :** ઈંગ્લીશ બેકટેરીયોલોજીસ્ટ ટાઈફોઈડના તાવ સામે રક્ષણ આપતી દવા શોધનાર
- **૧૦ ઓગસ્ટ ૧૮૫૬ : વિલિયમ વિલેટ :** ઈંગ્લીશ એન્જીનીયર અને બિલ્ડર. 'ડેલાઈટ સેવિંગ ટાઈમ' નો આઈડિયા આપનાર
- **૧૧ ઓગસ્ટ ૧૮૯૫ : ગિફોર્ડ પિન્ચોટ :** અમેરીકન ફોરેસ્ટર તથા પ્રથમ અમેરીકન ફોરેસ્ટ સર્વિસ ચીફ પ્રકૃતિ સંરક્ષણનું મહત્ત્વનું કામ કરનાર
- **૧૧ ઓગસ્ટ ૧૮૬૧ : જેમ્સ બ્રાયન હેરીક :** અમેરીકન ફીઝીશીયન તથા કલીનીકલ કાર્ડીયોલોજીસ્ટ, ૧૯૧૦માં 'સિકલ સેલ એનીમીયા' ની ઓળખ કરનાર.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : તાજેતરમાં આમ આદમી પાર્ટીના કયા સંસદ સભ્ય સંસદની વીડિયો ઉતારતાં વિવાદમાં સપડાયા છે?**

**જવાબ : ભગવંત માન**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : ઈન્ફો.જુ.સાયન્સ કૉલેજ. (૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૪) નટુભાઈ દરજી : પેથાપુર (૫) ધાર્મિક એસ. પટેલ : ગાયત્રી રેસીડેન્સી, ધોળેશ્વર પાસે (૬) મહેશભાઈ જાદવ - રાયસણ, પ્રમુખ આર્કેડ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**બ્રિટનના નવા વડાપ્રધાન તરીકે કઈ મહિલાએ કાર્યભાળ સંભાળ્યો?**

**'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) અ (૨) ડ (૩) ક (૪) અ (૫) ક (૬) ક (૭) ક (૮) બ (૯) બ
(૧૦) ક (૧૧) ડ (૧૨) બ (૧૩) અ (૧૪) બ (૧૫) ડ

# અર્ધે નારી અર્ધે નર, અકળ લીલા હે ઈશ્વર!

ભગવાન શંકરનું એક સ્વરુપ અર્ધનારીશ્વરનું છે. નખથી શીખ સુધીનું જમણું અંગ પુરુષનું - શિવનું છે. ડાબુ અંગ નારીનું - પાર્વતીનું છે. આ સ્વરુપનો પ્રભાવ ભારતીય કુટુંબજીવનમાં છે. નારી પોતાના પતિની અર્ધાંગિની ગણાય છે.

શિવજીના આ સ્વરુપને લગતું સંસ્કૃતમાં એક સ્તોત્ર છે. પાણીદાર મોતી જેવા સરસ નાનકડા આઠ શ્લોકના આ કાવ્યમાં આ સ્વરુપની અભિવ્યક્તિ છે. સ્તુતિનું નામ છે - અર્ધનારીનટેશ્વર સ્તોત્રમ - જેમાં અર્ધાભાગમાં નારી (પાર્વતી) છે એવા નટેશ્વર (નટરાજ)નું સ્તોત્ર. આઠેય શ્લોકમાં ચોથું ચરણ છે - 'નમ: શિવાયૈ ચ નમ: શિવાય.' શિવા (પાર્વતી) ને પ્રણામ અને શિવને પ્રણામ. દરેક શ્લોકમાં બાકીનાં ત્રણ ચરણમાં પહેલાં શિવાનું અને પછી એને અનુરુપ શિવનું વિશેષણ છે. આ સીતારામ, રાધેશ્યામ અને લક્ષ્મીનારાયણના જેવું છે.'

સ્તોત્રને આ રીતે સમજી શકાય -



(૧) અંગવર્ણ
શિવા - ચંપાના ફૂલ જેવા ગૌર અર્ધશરીરવાળી.
શિવ - કપૂર જેવા ગૌર અર્ધશરીરવાળા.
કેશ
શિવા - કલાત્મક રીતે ઓળેલા અંબોડાવાળી.
શિવ - બાંધેલી જટાને ધારણ કરનારા.
(૨) અંગલેપન
શિવા - કેસર અને કુમકુમના અંગલેપનવાળી.
શિવ - સ્મશાનની ચિતાની ભસ્મના અંગલેપનવાળા.
સ્મર
શિવા - પોતાના દેખાવમાંથી શિવ તરફનો પ્રેમ પ્રગટ થાય તેવી.
શિવ - કામદેવને બાળીને જેણે આકાર વગરનો કર્યો છે તેવા.
(૩) નૂપુર : શિવા - હાલતી અને તેથી રણકતી ઘૂઘરીઓવાળા ઝાંઝરવાળી.
શિવ - વીંટાળેલી સાપની ફેણ જેવા ચમકતા ઝાંઝર છે તેવા.
બાજુબંધ
શિવા - સુવર્ણના બાજુબંધવાળી.
શિવ - વીંટાળેલા સાપ જેવા બાજુબંધ છે તેવા.



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

(૪) નેત્ર : શિવા - ફરકતા નીલવર્ણા રાત્રિ કમળ જેવાં નયનો વાળી.
શિવ - વિકસેલા દિવસકમળ જેવા નયનોવાળા.
શિવા - સમાન સંખ્યાની દૃષ્ટિવાળી, બે નયનોવાળી.
શિવ - અસમાન સંખ્યાની દૃષ્ટિવાળા, ત્રણ નયનોવાળા.
(૫) માળા : શિવા - દેવી વૃક્ષ મંદારનાં ફૂલોની માળા જેવી અલકલટોમાં ગૂંથાયેલી છે તેવી.
શિવ - ખોપરીઓની માળાથી ઢંકાયેલી ગ્રીવા વાળા વસ્ત્ર
શિવા - દિવ્ય વસ્ત્રોને પહેરતી.
શિવ - દિશાઓનાં વસ્ત્રોને પહેરતા.
(૬) કેશવર્ણ : શિવા - જળ ભરેલા વાદળ જેવા રંગના શ્યામ કેશવાળી.
શિવ - વીજળીની ચમક જેવી તાંબાવરણી જટાવાળા.
(૭) નૃત્ય : શિવા - નૃત્યનો એક પ્રકાર લાસ્ય છે. તે સૃષ્ટિનાં સર્જક તરફ ઉન્મુખ થાય છે. આ નૃત્ય કરી રહેલી
શિવ - નૃત્યનો બીજો પ્રકાર તાંડવ છે. તે જરુરી એવા સંહાર માટે છે. આ નૃત્ય કરી રહેલા.
મા-બાપ
શિવા - સમગ્ર જગતના માતા
શિવ - સમગ્ર જગતના પિતા.
(૮) અલંકાર : શિવા - ઉજ્જવળ રત્નોથી શોભતા કુંડળવાળી.
શિવ - ફરકતા મહાસર્પના ભૂષણવાળા.
અન્વય : શિવા - શિવથી સમન્વિત થયેલી.
શિવ - શિવાથી સમન્વિત થયેલા.

આ રીતે આ અર્ધનારીનટેશ્વર સ્તોત્ર ન ભગવાન શંકરના અર્ધનારીશ્વર સ્વરુપનું કલાત્મક વર્ણન આપે છે. સ્તોત્ર પોતે પણ એક સુંદર કાવ્ય હોય એવો અનુભવ થાય છે.

શિવજીની પોતાની જ આ અકળ લીલા છે - અર્ધનારીશ્વર!